INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯

website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી

તા. ૩૦-૦૬-૨૦૨૬

**સુરેન્દ્રનગરના કોંઢ ગામથી કિસાન કોંગ્રેસની 'કિસાન અધિકાર પદયાત્રા'નો પ્રારંભ**

**ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અમિત ચાવડાએ કિસાન કોંગ્રેસ આયોજિત પદયાત્રામાં ભાગ લઈ ખેડૂતોના હક માટે સંઘર્ષનો સંકલ્પ વ્યક્ત કર્યો**

- **વર્તમાન સરકાર ઉદ્યોગપતિઓના હિત માટે ખેડૂતોની કિંમતી અને ફળદ્રુપ જમીનોને નુકસાન પહોંચાડી રહી છે. : શ્રી અમિત ચાવડા**
- **કોંગ્રેસ પક્ષ હંમેશા ખેડૂતો, મજૂરો અને પશુપાલકોના હિતોની રક્ષા માટે પ્રતિબદ્ધ રહ્યો છે અને ભાજપ સરકારની ખેડૂત વિરોધી નીતિઓ સામે સતત લડત આપતો રહેશે. : શ્રી અમિત ચાવડા**
- **'કિસાન અધિકાર પદયાત્રા' દ્વારા ખેડૂતોની એકતા અને અધિકારની લડતને વધુ મજબૂત બનાવશે. : શ્રી અમિત ચાવડા**

સુરેન્દ્રનગર જિલ્લાના કોંઢ ગામથી આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ માનનીય શ્રી અમિતભાઈ ચાવડાએ પદયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો, સાથે એઆઈસીસીના ઓરિસ્સા પ્રભારી શ્રી લાલજીભાઈ દેસાઈ, એઆઈસીસી સેક્રેટરી શ્રી ઋત્વિક મકવાણા,ગુજરાત કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્ય શ્રીજિગ્નેશ મેવાણી, સુરેન્દ્રનગર જિલ્લા પ્રમુખશ્રી નૌશાદ સોલંકી, કિસાન કોંગ્રેસના પ્રમુખ શ્રી જયેશ પટેલ, ખેડૂત આગેવાન શ્રી મહેશભાઈ રાજકોટિયા, પ્રવક્તા શ્રીમતી ગીતાબેન પટેલ સહિતના ખેડૂત આગેવાનો ગુજરાત કિસાન કોંગ્રેસ દ્વારા આયોજિત 'કિસાન અધિકાર પદયાત્રા' માં જોડાયા હતા. ખેડૂતોના હક, ન્યાય અને અધિકારો માટે યોજાયેલી આ પદયાત્રામાં શ્રી અમિતભાઈ ચાવડા સહિતના આગેવાનશ્રીઓ, તાલુકા પ્રમુખશ્રી અને મોટી સંખ્યામાં ખેડૂતો, મજૂરો,પશુપાલકો તથા કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

આ પદયાત્રાનો મુખ્ય હેતુ ખેડૂતોની જમીનોમાંથી પસાર થતી હાઈવોલ્ટેજ વીજલાઈનો અને ટ્રાન્સમિશન લાઈનોના કારણે થતા અન્યાય સામે અવાજ ઉઠાવવાનો તેમજ અસરગ્રસ્ત ખેડૂતોને યોગ્ય અને પૂરતું વળતર અપાવવાની માંગને મજબૂત બનાવવાનો છે.

કોંઢ ગામ ખાતે યોજાયેલા પ્રારંભ સમયે શ્રી અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે કોંગ્રેસ પક્ષ હંમેશા ખેડૂતો, મજૂરો અને પશુપાલકોના હિતોની રક્ષા માટે પ્રતિબદ્ધ રહ્યો છે અને ભાજપ સરકારની ખેડૂત વિરોધી નીતિઓ સામે સતત લડત આપતો રહેશે. તેમણે આક્ષેપ કર્યો હતો કે વર્તમાન સરકાર ઉદ્યોગપતિઓના હિત માટે ખેડૂતોની કિંમતી અને ફળદ્રુપ જમીનોને નુકસાન પહોંચાડી રહી છે, જેના કારણે ખેડૂતોને આર્થિક અને સામાજિક નુકસાન ભોગવવું પડી રહ્યું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ પદયાત્રા માત્ર એક પ્રતિકાત્મક કાર્યક્રમ નહીં, પરંતુ ગુજરાતના ખેડૂતો અને શોષિત-વંચિત વર્ગોના અધિકારોની રક્ષા માટેનું એક વ્યાપક જનઆંદોલન છે. સુરેન્દ્રનગર જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈ આગામી દિવસોમાં દ્વારકા ખાતે સમાપન પામનારી આ પદયાત્રા ખેડૂતોની એકતા અને અધિકારની લડતને વધુ મજબૂત બનાવશે.

કોંગ્રેસ પક્ષની રાજ્ય સરકાર સમક્ષ મુખ્ય માંગણીઓ:

- જમીનની બિનજરૂરી માપણી અને કાપણી બંધ કરવામાં આવે તેમજ જમીન સંપાદનમાં યોગ્ય અને પૂરતું વળતર આપવામાં આવે
- ખેડૂતોના તમામ દેવાં માફ કરવામાં આવે.
- દૂધ તથા ખેતી ઉત્પાદનો માટે કાયદેસર ટેકાના ભાવ (MSP) જાહેર કરવામાં આવે.
- ખાતર, બિયારણ, ડીઝલ અને પશુઓના ખાણ-દાણનો ગુણવત્તાસભર તથા પૂરતો જથ્થો વ્યાજબી ભાવે ઉપલબ્ધ કરાવવામાં આવે.
- ખેતી અને પશુપાલન માટે મફત વીજળી આપવામાં આવે.

હમાગ રાવલ
મીડિયા કોર્ડીનેટર અને પ્રવક્તા,
૯૮૯૮૨૩૩૦૩૮